જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૧/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૬૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૩૬૫ લીટર દેશી દારૂ, ૭૯૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ,૦૮ બિયર ટીન, ૦૧ રિક્ષા, ૦૧ કાર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૦૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૬૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૬૩/૨૦૨૫**

સેટેલાઈટઃ સેટેલાઈટ આઝાદ સોસાયટી સરસ્વતીનગર ખાતે રહેતી મહીલાએ તા.૦૫/૧૧/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે મે/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અરનવ સંજીવ ખુરાના (રહે. દુકાન નં–૦૧ ઘ શીપ મરચન્ટ બેજમેન્ટ રાજ પ્લાજા રાજપુર રોડ દહેરાદુન ઉતરાખંડ તથા, ૧૧૧/૯૬ આર્યનગર બ્લોક નં–૦૨ રાજપુર રોડ દહેરાદુન ઉત્તરાખંડ) એ મહીલા પાસે કમ્પ્યુટર સર્વરની ખરીદી કરી મહીલાને લોભામણી લાલચ આપી સાથે મળી ધંધો કરવા પેટે મહીલા પાસેથી રૂપિયા ૮,૧૪,૦૦૦/– મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કનૈયાલાલ કુબેરભાઈ ચલાવે છે.

દરીયાપુરઃ મંજુરહુસેન જાકીરહુસેન સૈયદ (ઉ.વ.૬૧) (રહે. રોયલ ફ્લેટ મસ્તાના મહોલ્લા પાસે ડબગરવાડ દરીયાપુર) એ તા.૦૫/૧૧/૨૦૨૫ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોહંમદરફીક નુરમોહંમદ કુરેશ, ફૈસલ નુરમોહંમદ કુરેશ તથા કુરકાન નુરમોહંમદ કુરેશ તે અલ–મુર્તુજા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના માલીક (સરનામુ. બીજો માળ શીફા હોસ્પીટલ બીલ્ડીંગ, જમાલપુર) એ ભેગા મળી મંજુરહુસેન સૈયદને હજયાત્રામાં લઈ જવા માટે પાકો વિશ્વાસ અને ભરોષો આપી મંજુરહુસેન સૈયદ પાસેથી રોકડ રૂપિયા ૧૧,૦૦,૦૦૦/– મેળવી લઇ હજમાં નહી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.ચૌધરી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૫૬૪/૨૦૨૫**

અમરાઇવાડીઃ અનીલસિંહ ભાનુપ્રતાપસિંહ રાજપુત (ઉ.વ.૫૨) (રહે. કૈલાશધામ સોસાયટી રણછોડ કોલોની પાસે હાટકેશ્વર અમરાઇવાડી) એ તા.૦૫/૧૧/૨૦૨૫ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૨૫ રાતના ૧૦/૩૦ થી તા.૦૪/૧૧/૨૦૨૫ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અમરાઇવાડી સત્યમનગર શાક માર્કેટ સામે પતરાવાળી ચાલીમાં અનીલ વસ્ત્ર ભંડાર નામની પોતાની દુકાનના પહેલા માળના પાછળનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી નીચે આવી લાકડાના ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.મીયાત્રા ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૫૬૫/૨૦૨૫**

દાણીલીમડાઃ દાણીલીમડા લોખંડવાલા એસ્ટેટ–૨ મા આવેલ ઝેડ.કે.ટેકસ્ટાઇલ કારખાનામાં રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા મનહરભાઇ સ/ઓ રમેશભાઇ બારીઆ (ઉ.વ.૨૧) (મુળ વતન. બારીયા ફળીયુ જાલમબારીઆના મુવાડા શેખપુર શહેરા પંચમહાલ) તા.૦૪/૧૧/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પીરાણા રોડ ગુજરાત કાંટા સામે સુએઝફાર્મ ઝેડ.કે.ટેકસટાઇલ કારખાનામાં મશીનની સ્વીચ બંધ કરવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ નાથુભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૬૬/૨૦૨૫**

ખાડીયાઃ શંકરલાલ હુંદલદાસ તેજવાણી (ઉ.વ.૬૫) (રહે. મહારથી સોસાયટી એસ.બી.આઈ.બેંકની બાજુમાં સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૧/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૦૫/૧૧/૨૦૨૫ કલાક ૦૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ખાડીયા ગોલવાડ સેકોર ચેમ્બર્સ બીજા માળે આવેલ પોતાની કાપડની દુકાનમાં છતના પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભલાભાઇ રાયસિંગભાઇ ચલાવે છે.

સેટેલાઇટઃ અજયકુમાર બંશીલાલ ચૌધરી (ઉ.વ.૪૪) (રહે. રાજીવનગર વિભાગ–૦૧ શક્તિ સ્કુલ પાસે સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૧/૨૦૨૫ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ માધવજીભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ પ્રિયાબહેન ડો/ઓ સંજયભાઈ પરમાર (ઉ.વ.૨૦) (રહે. ફર્સ્ટ ફ્લોર બી એચ ડોક્ટર ચંદ્રવતી ક્લિનિક મુખી માયા રામની ગલી ઠક્કરનગર) એ બિમારીથી કંટાળી તા.૦૪/૧૧/૨૦૨૫ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકની બાજુના મકાનના બિજા માળથી નીચે પડતું મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાલીશકુમાર બીપીનભાઈ ચલાવે છે.

નરોડાઃ શિવાની જયપ્રકાશ રાજપુત (ઉ.વ.૨૭) (રહે. એ–૫૦૨ શંખેશ્વર ટાઉનશીપ મુઠિયા ગામ નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૧/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે બેડરૂમની બારીમાંથી નીચે પડતું મુકતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

ઓઢવઃ લક્ષ્મણ ઉર્ફે વિકાસ સ/ઓ મહેન્દ્રકુમાર ઉર્ફે પપ્પુ (ઉ.વ.૧૯) (રહે. શેડ નંબર–૧૫૭ રાધે શ્યામ એસ્ટેટ શ્રીક્રિષ્ના એસ્ટેટ પાસે સીંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૧/૨૦૨૫ રાતના ૦૮/૩૦ વાગ્યાના સુમારે હુડકો શાક માર્કેટ સામે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૪/૧૧/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હેડ.કોન્સ.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

રામોલઃ રાકેશ શશીકાન્ત મહાડિક (ઉ.વ.૨૯) (રહે. નૈયા એપાર્ટમેન્ટ રામોલ ગામ પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૧/૨૦૨૫ ના કલાક ૧/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે બિલ્ડિંગના ટેરેસ પરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હરેશભાઇ મથુરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી